# કોરોનાના કારણે મેળો રદ છતાં શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટ્યા

## અનોખી શ્રદ્ધા : ઘડીયા વહાણવટી માતા મંદિરમાં ૭૦ હજાર માટી ગરબા ચઢાવી ગબ્બર રચ્યો

બાયડ, તા.૧૪

નવરાત્રિના ગરબા આપણને શીખવી જાય છે કે જેના કેન્દ્રમાં પ્રભુ હોય તેના જીવનમાં આનંદ જ હોય..!! સમગ્ર રાજ્યમાં વરસાદ થંભી ગયા પછી નવરાત્રિ પર્વ કોરોના સંક્રમણને ભૂલીને પૂર્ણ થયું. હાઈટેક યુગમાં નવરાત્રિ સ્થળોએ પ્રાચિન ગરબા ભુલાયા છે. આંગળીના વેઢે ગણી શકાય તેવા ગામડામાં શેરી ગરબાની ક્યાંક અજાણતાં જ ઝાંખી જોવા મળે છે. ત્યારે અરવલ્લી, ખેડા અને ગાંધીનગરના ત્રિભેટે આવેલ ઘડીયા ગામના વહાણવટી માતા મંદિરમાં આજેપણ દાયકાઓ પછી અનોખી શ્રદ્ધા અકબંધ રહી છે. દર વર્ષે યોજાતો સાતમ-આઠમનો મેળો કોરોનાના કારણે મુલત્વી રહ્યો પરંતુ આઠમના દિવસે હજારો શ્રદ્ધાળુઓએ પોતાની માનતા પૂરી કરવા ગરબા ચઢાવ્યા હતા. અત્યાર સુધીમાં રાજ્યના ગામે-ગામથી આવતાં શ્રદ્ધાળુઓ પોતાની માનતા પૂરી થઈ હોય કે પછી બાપ-દાદાઓની શ્રદ્ધાઓને આગળ ધપવાતાં હોય તે રીતે વહાણવટી માતા મંદિરમાં ૭૦ હજારથી વધુ માટીના ગરબા ચઢાવી ગબ્બર બનાવવામાં આવ્યો છે. પ્રચલિત દંતકથા મુજબ માં જગદંબાએ જગડુશા શેઠનું વહાણ તાર્યુ તેમને વહાણવટી માતા તરીકે ઓળખાયા ત્યારથી ઘડીયામાં વહાણવટી માતાના મંદિરમાં નવરાત્રિ દરમ્યાન લાખો શ્રદ્ધાળુઓ માં ના ગરબે ઘૂમવા આવે છે અને માટીના ગરબા ચઢાવી પોતાની માનતા પૂરી કરે છે.





યા દેવી સર્વભુતેષુ શક્તિ રૂપેણ સંસ્થિતા નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ નવરાત્રિ પર્વ અંતિમ ચરણમાં પ્રવેશ્યુ છે નવરાત્રિના કારણે રાત પડતાં જ ગામડામાં અજવાળા જોવા મળે છે. સારા વરસાદના કારણે નવરાત્રિ પર્વની રોનક ઝાકમઝોળ જેવી લાગે છે. નવરાત્રિના પર્વમાં સાધનાનું પણ અનોખુ મહત્વ રહ્યું છે. તેમાંયે આઠમા નોરતાનું હિન્દુ શાસ્ત્રોમાં પણ આગવું મહત્વ દર્શાવવામાં આવ્યું છે. આજે કામ ધંધામાં ગડાબૂડ લોકોને પરીવારના સભ્યો સાથે નિરાંતે વાત કરવાનો સમય નથી. ત્યારે કોઈ દેવ-દેવી મંદિરમાં સ્વયંભૂ લાખો લોકોનો મહેરામણ ઉમટે તેને કળિયુગમાં પણ એક ચમત્કાર ગણી શકાય. બાયડથી અંદાજીત ૧૭ કિમી દૂર આવેલા ઘડીયા ગામના વહાણવટી માતા મંદિરમાં દરવર્ષે દૂર-દૂરથી આવતાં શ્રદ્ધાળુઓ માથે માટીના ગરબા સાથે આવી વહાણવટી માતાના ચાચરચોકમાં ગરબે ઘૂમી ધન્યતા અનુભવે છે. આ વર્ષે પણ માં ના ધામમાં હજારો માટીના ગરબા ચઢાવી ગરબાનો ગબ્બર બનાવવામાં આવશે. વહાણવટી માતા મંદિરના દશ્યો જોઈને અનેક નાસ્તિક આસ્તિક બની ગયાના દાખલા પણ સાંભળવા મળે છે.



### નવરાત્રિ દરમિયાન સોના-ચાંદીના ગરબા ચઢાવવાની પણ શ્રદ્ધા

ઘડીયા ગામના વહાણવટી માતા મંદિરમાં દરવર્ષે સાતમ-આઠમના દિવસે પ્રાચિન મેળા ભરાય છે પરંતુ પાછલા ૨ વર્ષથી કોરોનાના કારણે મેળા ભરાતા નથી. માટીના ગરબાની સાથે અનેક શ્રદ્ધાળુઓએ માનતા રાખી હોય તો સોના-ચાંદીના ગરબા ચઢાવતાં પણ હોય છે. વહાણવટી માતા મંદિર ટ્રસ્ટ દ્વારા શ્રદ્ધાળુઓ ક્યાંય છેતરાય નહિ તે માટે ટ્રસ્ટ દ્વારા વ્યાજબી દરે સોના-ચાંદીના ગરબા ચઢાવા માટેની પણ વ્યવસ્થા ઉભી કરી છે.

## આજે દશેરા : ઉત્તર ગુજરાતમાં ફાફડા-જલેબીના "ગરમાગરમ" ભાવથી દાઝી જવાય તેવી સ્થિતિ

### ફાફડા રૂા.૩૫૦ થી ૪૦૦, જલેબી રૂા.૨૦૦ થી ૪૦૦

બાયડ, તા.૧૪

ઉત્તર ગુજરાતમાં કોરોનાના સંક્રમણ વચ્ચે દશેરા પર્વની હર્ષોલ્લાસથી ઉજવણી થાય તે પૂર્વે ફાફડા-જલેબીના ગરમાગરમ ભાવથી દાઝી જવાય તેવી સ્થિતિ દેખાઈ રહી છે. કોરોનાના કારણે રાવણ દહન ક્યાંક યોજાઈ શકે છે. પરંતુ સ્વાદ રસિયાઓ ફાફડા-જલેબી આરોગી પર્વની ઉજવણી કરશે પરંતુ તે પહેલાં જ ભાવ આસમાને પહોંચ્યા છે.



દર વર્ષે દશેરાના પર્વની ઉજવણી નિમિત્તે ઉત્તર ગુજરાતની પ્રજા કરોડો રૂપિયાના ફાફડા-જલેબી ઓહીયા કરતી હોય છે. છેલ્લા કેટલાક સમયથી બેશન તેમજ તેલ-ઘીના ભાવમાં વધારો થવાથી ફરસાણના ભાવ અગાઉથી જ ઉંચકાયેલા છે ત્યાં હવે દશેરાની ઉજવણી પૂર્વે ફાફડા-જલેબીની માંગને પહોંચી વળવા માટે અત્યારથી ફાફડા તૈયાર થઈ રહ્યા છે. વર્ષોથી દશેરાના દિવસે ફાફડા-જલેબી આરોગવાની પરંપરા આ વખતે પણ જળવાયેલી રહેવાની છે. જેના કારણે ફરસાણ તેમજ મીઠાઈના દુકાનદારોએ અત્યારથી જ ફાફડા-જલેબી તૈયાર કરવા માંડ્યા છે પરંતુ ભાવ આસમાને છે. હાલ ફાફડા ૩૫૦ થી ૪૦૦ રૂા.કીલો, જ્યારે ચોખ્ખા ઘી ની જલેબી ૩૬૦ થી ૪૦૦ રૂા. જ્યારે તેલની રૂા.૨૦૦ થી ૨૨૫ કીલો ભાવ બોલાઈ રહ્યો છે. જો કે દશેરાના દિવસે વર્તમાન ભાવમાં પણ વધારો થવાની સંભાવના છે. આ વર્ષે ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં કોરોનાનું સંક્રમણ બમણા વેગથી ફેલાયું અને અંકુશ આવી ગયા પછી નવરાત્રિ પર્વમાં ખેલૈયાઓનો અનોખો ઉત્સાહ જોવા મળ્યો. આજે ઉત્તર ગુજરાતની ૧.૨૦ કરોડ પ્રજા દશેરા પર્વની ફાફડા-જલેબી આરોગી ઉજવણી કરશે અને મોંઘવારીને ગણતરીના કલાકો માટે ભૂલી જશે.



### ૯ દિવસમાં ૨૫ હજારથી વધુ લોકો ઉમટ્યા

## બાયડમાં નવરાત્રી મહોત્સવ નિર્વિઘ્ને સંપન્ન

### સ્વામિનારાયણ નવરાત્રી ચોકમાં શ્રેષ્ઠ ખેલૈયાઓનું સન્માન

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ૯ દિવસનો નવરાત્રી મહોત્સવ નિર્વિઘ્ને સંપન્ન થયો છે. આજે જિલ્લાની પ્રજા દશેરા પર્વની ઉજવણી કરશે. બાયડના સ્વામિનારાયણ નવરાત્રી જોવા ૯ દિવસમાં ૨૫ હજારથી વધુ લોકો ઉમટ્યા હતા. આયોજકોના અદ્ભુત આયોજનની નોંધ લેવાઈ હતી. સ્વામિનારાયણ નવરાત્રી ચોકમાં દુર્ગાષ્ટમીના ૮મા નોરતે શ્રેષ્ઠ ૧૦ ખેલૈયાઓનું સન્માન કરવામાં આવ્યું હતુ.

ખેલ...ખેલ...રે...ભવાની મા... જય જય અંબે...વાદલળી વરસી રે...ના તાલ સાથે નવમા નોરતાની પૂર્ણાહૂતિ સાથે ગરબા વિદાયના ભાવુક કાર્યક્રમ યોજાયા. મા ના ચાચર ચોકમાં સતત ૯ દિવસ સુધી રાસ-ગરબાની રમઝટ બોલાવનાર ખેલૈયા નવરાત્રી પર્વ સમાપ્ત થતાં નિરાશ જણાયા. બાયડ સ્વામિનારાયણ સોસાયટી, ગિરીરાજ કેમ્પસ, જૂના બસસ્ટેશન, બાયડ ગામ, પરબડી ચોક, આંબેડકર ચોક ઉપરાંત ધનસુરા, મોડાસા, હિંમતનગર, ઈડર, મેઘરજ, માલપુર, તલોદ, પ્રાંતિજ, ભિલોડા, ખેડબ્રહ્મા, વડાલીમાં નવરાત્રી પર્વ સંપન્ન થતાં હવે ખેલૈયાઓના પગ પણ થંભી જશે. કોરોનાના ડર વચ્ચે નવરાત્રી મહોત્સવ જામશે કે કેમ તેની આશંકા વચ્ચે અગાઉના વર્ષો કરતાં પણ સારી રીતે નવરાત્રી પર્વ ઉજવ્યાનો આનંદ આયોજકોના મુખ ઉપર જોવા મળ્યો. બાયડ સ્વામિનારાયણ નવરાત્રી ચોકમાં આઠમાં દિવસે નિર્માણ લાઈફ સાયન્સ (અમદાવાદ) તરફથી શ્રેષ્ઠ ખેલૈયાઓનું સ્ટેજ ઉપર સન્માન કરવામાં આવ્યુ હતુ.







**શ્રેષ્ઠ ખેલૈયા (સ્વામિનારાયણ નવરાત્રી-બાયડ)**

- કુ. આનલ ઘનશ્યામભાઈ પટેલ
- મલ્હાર ડૉ. અલ્પેશભાઈ પટેલ
- પ્રેક્ષાબેન નયનકુમાર પટેલ
- તન્વી અમિતગીરી ગોસ્વામી
- જહાન્વી ગોસ્વામી
- વૈભવી ભરતભાઈ ઠક્કર
- રીટાબેન ગોસ્વામી
- ખુશી કૌશિકભાઈ પંચાલ
- નિધી વિજયભાઈ પટેલ
- પ્રાચી સાગરભાઈ પટેલ

## મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાં નબળી ગુણવત્તાની ફરિયાદ

### આકરૂન્દ-હિરાપુર ડામરરોડ કામની તપાસ કરવા માંગ : અધિકારી સામે ગંભીર આરોપ

બાયડ, તા. ૧૪

ધનસુરા તાલુકાના આકરૂન્દ-હિરાપુર રોડ ઉપર મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે ડામરકામ શરૂ તો થયુ પરંતુ કામની ગુણવત્તા સામે સવાલ ઉઠ્યા છે. ઓછો ડામર નાખવો તેમજ કામગીરી ટેન્ડરની શરતો મુજબ થતી ન હોવાથી કેટલાક યુવાનો દ્વારા ઉચ્ચકક્ષાએ રજૂઆત થઈ છે.

**નબળી કામગીરી નહી ચલાવી લઉ**

જિલ્લા પંચાયત આર.એન્ડ.બી. ડી.ઈ., એન.કે. વાસાવાએ જણાવ્યું કે હું વારંવાર રોડની વિઝીટ કરૂ છુ છતાં નબળી કામગીરી હવે તો નહી ચલાવી લઉ.

જિલ્લામાં આર.એન્ડ.બી. જિલ્લા પંચાયતની મથરાવટી મેલી થઈ ચૂકી છે. અધિકારીઓ-કોન્ટ્રાક્ટરોની મીલીભગતથી ગુણવત્તાયુક્ત રોડ નિર્માણના બદલે તકલાદી રોડ તૈયાર થતાં ગણતરીના દિવસોમાં ડામર રોડ ચિથરેહાલ થઈ રહ્યા છે. અંદાજીત રૂ. અઢી કરોડના ખર્ચે ૨૦ વર્ષ પછી આકરૂન્દ-હિરાપુર રોડનું નવીનીકરણ-માર્ગ પહોળો કરવાની કામગીરી શરૂ થઈ પરંતુ ઓછો ડામર અને હલકી ગુણવત્તા મટેરીયલ્સ વાપર્યોને ગંભીર આરોપ પછી તાબાના ડીવીઝનના ઈજનેર દ્વારા પ્લાન્ટ ઉપર પુરતી ચોકસાઈ રાખ્યાના દાવા કરી કોન્ટ્રાક્ટરને છાવરતા હોવાની લોક ચર્ચા છે.



## તલોદ પાલિકાના પૂર્વ પ્રમુખના માતાનુ અવસાન

તલોદ, તા. ૧૪

તલોદનગર પાલિકાના પૂર્વ પ્રમુખ અને નાગરિક બેંકના ડિરેક્ટર પ્રવિણભાઈ રાવજીભાઈ પટેના માતુશ્રી અને પાલિકાના વર્તમાન ઉપપ્રમુખ રૂતુલકુમાર પ્રવિણભાઈ પટેલના દાદીમાં ગં.સ્વ. ગંગાબહેન રાવજીભાઈ પટેલનું તા. ૧૩-૧૦-૨૧ બુધવારના રોજ ૧૦૪ વર્ષની જૈફવયે તલોદ ખાતે તેમના નિવાસસ્થાને અવસાન થયેલ છે. સદ્ગત ગંગાબા શ્રી એકવિંગેશ્વર મહિલા ભજન મંડળના વર્ષોથી પ્રમુખ રહ્યા હતા. સદગતની નીકળેલી અંતિમ યાત્રામાં તમામ સમાજના મોટી સંખ્યામાં જોડાયા હતા.

## તોબાહ-તોબાહ - મોડાસા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીથી શિક્ષકોના અગત્યના દસ્તાવેજો ગુમ કર્યાના આક્ષેપ

બાયડ, તા. ૧૪

મોડાસા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની મનસ્વી કામગીરીથી પ્રા. શિક્ષકોમાં રોષ જોવા મળ્યો છે. શિક્ષકોના અગત્યના દસ્તાવેજો ઓફીસમાંથી ગુમ કર્યાના આક્ષેપ થઈ રહ્યા છે. જ્યારે અધિકારી કોઈનો પણ મોબાઈલ ઉપાડતા નથી અને પછી કોઈ તેમની સામે રજૂઆત કરે એટલે કાયદો બતાવતા હોય છે..!!

પ્રાપ્ત જાણકારી અનુસાર મોડાસા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી લીલાબેન સુવેરાની કામગીરી સામે અનેક પ્રા. શિક્ષકોએ રોષ વ્યક્ત કર્યો છે. ૯-૨૦-૩૧ ના ઉચ્ચત્તર કેસમાં હીત ન સચવાય એટલે કેટલીય ફાઈલો-કાગળ ઓફીસમાંથી ગાયબ કરી દેવામાં આવે છે. તપાસ કરવામાં આવે તો તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી પાસે એક જ જવાબ હોય છે કે ફાઈલ મળતી નથી, બીજી બનાવીને આપો. સરડોઈ જૂથ મંત્રી નારણભાઈ પટેલે જણાવ્યુ કે ઉચ્ચત્તર પગારના કેસની શિક્ષકોની ફાઈલો ગુમ કરવાની સાથે જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા આપવામાં આવેલ મકાન લોનના શિક્ષકોના પગારમાંથી કપાત કરેલ રકમ ગાયબ અને બાકી પડતી રકમ ફરીથી ભરવા શિક્ષકોને કહેવામાં આવે છે. મૃત્યુ પામેલા, નિવૃત્ત થતા શિક્ષકોએ બીજીવાર બાકી પડતી રકમ ભરવી પડે ત્યારે પેન્શન કેસ બનાવવામાં આવે છે. વાલીઓ દ્વારા તાલુકા પંચાયત કચેરીના શિક્ષણ વિભાગમાં આપેલ સુધારા અંગેની ફાઈલો પણ વારંવાર ગુમ થઈ જાય છે. જ્યારે એક શિક્ષકની તો સર્વિસ બુક ગાયબ કરવામાં આવી છે અને ગમે તે ઘડીએ આ અંગે પોલીસ ફરિયાદ થઈ શકે છે. શાળાઓ મર્જ કરવામાં પણ લાગવગશાહી ચાલ્યાના ગંભીર આરોપ લાગ્યા છે.

### અધિકારી જ્યાં પણ ફરજ બજાવી ત્યાં વિવાદમાં રહ્યા

મોડાસા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી લીલાબેન સુવેરા સામે ગંભીર આરોપ લાગી રહ્યા છે. તેઓ અગાઉ મેઘરજ ત્યારબાદ ધનસુરા તાલુકામાં ફરજ બજાવતા હતા ત્યાં પણ કોઈને કોઈ કારણોસર વિવાદમાં રહ્યા છે. તેઓ કોઈનો પણ મોબાઈલ ઉપાડતા નથી. જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિમાંથી મોબાઈલ આવે તો પણ તેઓ કોઈ જવાબ આપતા ન હોવાનું શિક્ષક આલમમાં ચર્ચાઈ રહ્યું છે.

## જિલ્લામાં ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરે અધિકારીને સોનાની લગડી-એક્ટીવા ભેટ આપ્યુ

હિંમતનગર,તા. ૧૪

જિલ્લામાં ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરે અધિકારીને પ્રથમ નોરતે ૧૦૦ ગ્રામ સોનાની લગડી અને સફેદ કલરનું એક્ટીવાની ભેટ આપી લાખો રૂપીયાના બિલ રાતોરાત મંજૂર કરાવી લીધાની કાનાફૂસીએ જિલ્લા પંચાયત ભવનમાં તરખાટ મચાવ્યો છે. અધિકારી છેલ્લા ૪ મહીનાથી કોન્ટ્રાક્ટરની ગાડીમાં જ ફરી રહ્યા છે. જ્યારે અધિકારી અને તેના પરિવારના સભ્યોને વિદેશ પ્રવાસની ૧૫ દિવસની ટ્રીપનો ખર્ચો પણ બહાદુર કોન્ટ્રાક્ટર ઉઠાવતો હોવાની ચર્ચા છે.

માનો કે ન માનો ભાજપાના શાસનમાં ભ્રષ્ટાચાર વધ્યો છે. અધિકારીઓ ભ્રષ્ટાચાર અને વાણીમાં બેફામ બની ગયા છે. તેમાંય કેટલાક કોન્ટ્રાક્ટરો તો અધિકારીઓના બાપ બની ગયા હોય તે રીતે વર્તી રહ્યા છે. વાત છે એક અધિકારી મહાસયની. પોતાની ચેમ્બરમાં બેસીને અણિશુદ્ધ-પ્રમાણિક અધિકારીની વારંવાર વાતો વાગોળતા હોય છે પરંતુ જમાનાના ખાઈ બદેલા કોન્ટ્રાક્ટરે અધિકારીને શરાબ-સુંદરી પુરી પાડી તેમનો ખેલ પાડી દીધો. શામળાજીથી ૨૩ કિમીના અંતરે આવેલા રીસોર્ટમાં ઐયાસી ગોઠવાઈ અને કોન્ટ્રાક્ટરે ત્યારબાદ તમામ કામ પોતે અને પોતાના મળતીયાના નામે કરી કરોડોનું ખોટુ કરી નાખ્યું અને બીલ પાસ કરવામાં ઠાગાઠૈયા થતાં અધિકારીને સોનાની લગડી-એક્ટીવા ભેટ આપી હોવાનું ચર્ચાય છે. જ્યારે અધિકારીના પત્નિએ એવુ કહ્યાનુ ચર્ચાય છે કે તમે સારા કામ કરશો તો ભાજપા સરકાર તમને એવોર્ડ નહી આપે... નાસતા ભૂતને બે વાળ મળે તો પણ લઈ લેવા... પત્નિના કહ્યાગરા અધિકારી પતિએ વાત માની લીધી અને નવરાત્રીમાં મા અંબાની કૃપા થઈ હોય તેવુ પરિવાર અનુભવે છે.